**GUJARAT BILL NO. 36 OF 2019.**

# THE GUJARAT PROFESSIONAL TECHNICAL EDUCATIONAL COLLEGES OR INSTITUTIONS (REGULATION OF ADMISSION AND FIXATION OF FEES) (AMENDMENT) BILL, 2019.

***A BILL***

*further to amend the Gujarat Professional Technical Educational Colleges or Institutions (Regulation of Admission and Fixation of Fees) Act, 2007.*

**સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૩૬ .**

## ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયક, ૨૦૧૯.

**ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ વધુ સુધારવા બાબત વિધેયક.**

આથી, ભારતના ગણરાજ્યના સિત્તેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

૧. (૧) આ અધિનિયમ ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) અધિનિયમ, ૨૦૧૯ કહેવાશે. ટૂંકી સંજ્ઞા અને આરંભ.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૨૦૦૮ના ગુજરાતના ૨-જા અધિનિયમની કલમ ૨-નો સુધારો.

**૨.** ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨-માં,-

સન ૨૦૦૮નો ગુજરાતનો ૨-જો.

(૧) ખંડ (ઘ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો;:-

"(ઘઘ) "વિદેશી વિદ્યાર્થી" એટલે વિદેશી પાસપોર્ટ ધરાવનાર અને માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકાર દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવે તેવા સક્ષમ સત્તાધિકારીએ સુનિશ્ચિત કરેલા, પ્રવેશ માટેના યોગ્યતાના માપદંડોને સમકક્ષ માપદંડો પરિપૂર્ણ કરનાર બિન-નિવાસી ભારતીય (NRI) સિવાયનો વિદ્યાર્થી;";

(૨) ખંડ (જ)માં, પેટા-ખંડ (૨)ને બદલે, નીચેનો પેટા-ખંડ મૂકવો:-

"(૨) બિન-સહાયિત કોલેજો અથવા સંસ્થાઓમાંની વ્યાવસાયિક અભ્યાસક્રમોની મંજૂર થયેલી કુલ બેઠકો પૈકીની પચાસ ટકા (૫૦%) બેઠકો;";

(૩) ખંડ (જ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

"(જજ) "GTERS અથવા ગુજરાત તકનિકી શિક્ષણ અને સંશોધન મંડળ (ગુજરાત ટેકનિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી) (GTERS)" એટલે શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા, તારીખ: ૩૧મી ડિસેમ્બર, ૨૦૧૩ના, સરકારી ઠરાવ ક્રમાંક: એમઆઇએસ/૧૦૨૦૧૩/૧૦૪/એસ. હેઠળ રચવામાં આવેલું મંડળ;";

(૪) ખંડ (ઝ)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

"(ઝ) "સંચાલક મંડળની બેઠકો" એટલે પંદર ટકા (૧૫%) બિન-નિવાસી ભારતીયો માટેની બેઠકો સહિતની બિન-સહાયિત કોલેજો અથવા સંસ્થાઓની મંજૂર થયેલી વ્યાવસાયિક અભ્યાસક્રમોની કુલ બેઠકો પૈકીની પચાસ ટકા (૫૦%) બેઠકો અને તેમાં વિદેશી વિદ્યાર્થીઓ અને (ગુજરાત સહિતના) કોઇપણ રાજ્યના વિદ્યાર્થીઓ માટેની બેઠકોનો પણ સમાવેશ થાય છે;";

(૫) ખંડ (ટ)માં, "જેને વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થામાં" એ શબ્દોને બદલે, "જેને માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકાર દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવે તેવા સક્ષમ સત્તાધિકારીએ નક્કી કરેલા, પ્રવેશ માટેના યોગ્યતાના માપદંડોને સમકક્ષ માપદંડો પરિપૂર્ણ કરવાના આધાર પર, બિન-સહાયિત શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓમાં સંચાલક મંડળની બેઠકો પર" એ શબ્દો મૂકવા.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૪માં, પેટા-કલમ (૩)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:-

સન ૨૦૦૮ના ગુજરાતના ૨-જા અધિનિયમની કલમ ૪નો સુધારો.

"(૩) ગુજરાત તકનિકી શિક્ષણ અને સંશોધન મંડળ (GTERS), વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓમાં વિદ્યાર્થીઓના પ્રવેશની સમગ્ર પ્રક્રિયા પર માર્ગદર્શન આપશે, દેખરેખ રાખશે, તે અંગે પ્રોત્સાહન આપશે અને નિયંત્રણ રાખશે.".

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૫-ને બદલે, નીચેની કલમ મૂકવી:-

સન ૨૦૦૮ના ગુજરાતના ૨-જા અધિનિયમની કલમ ૫ બદલવા બાબત.

પ્રવેશ માટે ગુણવત્તાયાદી તૈયાર કરવા બાબત.

"૫. (૧) વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં સરકારી બેઠકો પર પ્રવેશના હેતુ માટે, પ્રવેશ સમિતિએ, સામાન્ય પ્રવેશ કસોટી અથવા ઠરાવવામાં આવે તેવા અન્ય માપદંડોના આધારે વિદ્યાર્થીઓની ગુણવત્તા યાદી તૈયાર કરવી જોઇશે.

(૨) વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં સંચાલક મંડળની બેઠકો પર પ્રવેશના હેતુ માટે, બિન-સહાયિત કોલેજ અથવા સંસ્થાએ, સામાન્ય પ્રવેશ કસોટી અથવા ઠરાવવામાં આવે તેવા અન્ય માપદંડોના આધારે વિદ્યાર્થીઓની ગુણવત્તા યાદી તૈયાર કરવી જોઇશે.

(૩) વિદેશી વિદ્યાર્થીઓ અથવા યથાપ્રસંગ, બિન-નિવાસી ભારતીય વિદ્યાર્થીઓને, કોઇપણ વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજ અથવા સંસ્થામાં ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવા માપદંડોને આધારે પ્રવેશ આપવો જોઇશે:

પરંતુ રાજ્ય સરકારે, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવા વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ગુણવત્તા યાદી તૈયાર કરવા માટે, સામાન્ય પ્રવેશ કસોટી યોજવી જરૂરી રહેશે નહિ.".

સન ૨૦૦૮ના ગુજરાતના ૨-જા અધિનિયમની કલમ ૬નો સુધારો.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬માં, પેટા-કલમ (૧)માં, વિદ્યમાન પરંતુકોને બદલે, નીચેના પરંતુકો મૂકવા:-

"પરંતુ કોઇ બિન-સહાયિત કોલેજ અથવા સંસ્થા, સંચાલક મંડળની તમામ અથવા તેમાંની કેટલીક બેઠકો પ્રવેશ સમિતિ દ્વારા ભરવા માટે વિનંતી કરે, તો સંચાલક મંડળની આવી બેઠકો, સરકારી બેઠકો તરીકે ગણાશે:

વધુમાં, કોઈ સરકારી બેઠક ખાલી રહેતી હોય, તો આવી બેઠક, ઠરાવવામાં આવે તેવી રીતે સંચાલક મંડળની બેઠક તરીકે ભરવી જોઈશે:

વળી, કોઈ બિન-નિવાસી ભારતીય બેઠક ખાલી રહેતી હોય, તો આવી બેઠક સંચાલક મંડળની બેઠક તરીકે ભરવી જોઈશે.";

સન ૨૦૦૮ના ગુજરાતના ૨-જા અધિનિયમની ૭ક-નો સુધારો.

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૭ક-માં, પેટા-કલમ (૧)માં, ''બીજા રાજ્યોના વિદ્યાર્થીઓને, બિન-સહાયિત કોલેજો અથવા સંસ્થાઓમાં'' એ શબ્દોને બદલે, ''બીજા રાજ્યોના અને બીજા દેશોના વિદ્યાર્થીઓને, કોઈપણ કોલેજ અથવા સંસ્થામાં'' એ શબ્દો મૂકવા.

સન ૨૦૦૮ના ગુજરાતના ૨-જા અધિનિયમની કલમ ૧૦નો સુધારો.

૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૦માં,-

(૧) પેટા-કલમ (૧)માં, ''બીજા રાજ્યોના વિદ્યાર્થીઓ'' એ શબ્દો પછી, ''અને વિદેશી નાગરિકો અને બિન-નિવાસી ભારતીય વિદ્યાર્થીઓ'' એ શબ્દો ઉમેરવા;

(૨) પેટા-કલમ (૨)માં, ખંડ (ગ)માં, નીચેનો પરંતુક દાખલ કરવો:-

''પરંતુ બિન-સહાયિત વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજ અથવા સંસ્થા ત્રણ વર્ષ સુધીના ફી બ્લોક માટે ફી-માં, વિદ્યમાન ફી-ના પાંચ ટકા સુધીનો વધારો કરી

શકશે અથવા ઉપરના ખંડ (ક) અને ખંડ (ખ)માં ઉલ્લેખ કર્યા પ્રમાણેની કાર્યરીતિ અનુસર્યા વિના વિદ્યમાન ફી-માં કોઇ ઘટાડો કરી શકશે. તેમ છતાં, બિન-સહાયિત વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજ અથવા સંસ્થાએ, ઠરાવવામાં આવે તેવા સોગંદનામાના નમૂનામાં, આ કલમ હેઠળ સુધારેલ ફીના માળખા સંબંધિત ‘‘એકરાર કમ બાંયધરી’’ પૂરી પાડવી જોઈશે.’’.

(૩) પેટા-કલમ (૨) પછી, નીચેની પેટા-કલમ દાખલ કરવી:-

‘‘(૨-ક) બિન-સહાયિત કોલેજ અથવા સંસ્થા, ફી નિયમન સમિતિએ ઠરાવેલી અધિકતમ મર્યાદાને અધીન રહીને, વિવિધ અભ્યાસક્રમો / વિદ્યાશાખા માટે જુદી જુદી ફી વસૂલ કરી શકશે.’’.

સન ૨૦૦૮ના ગુજરાતના ૨-જા અધિનિયમની કલમ ૧૩નો સુધારો.

૮. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩માં, પેટા-કલમ (૨) પછી, નીચેની પેટા-કલમ ઉમેરવી:-

‘‘(૩) રાજ્ય સરકાર, કોઈ ફરિયાદ મળ્યેથી, તે બાબતની તપાસ યોજી શકશે અને જરૂરી પગલાં લઈ શકશે.’’.

સન ૨૦૦૮ના ગુજરાતના ૨-જા અધિનિયમની કલમ ૧૪ બદલવા બાબત.

૯. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૪ને બદલે, નીચેની કલમ મૂકવી:-

**શિક્ષા.** “**૧૪.** આ અધિનિયમની અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓ પૈકી કોઈનું ઉલ્લંઘન કરે તેવી કોઈ વ્યક્તિને, સુનાવણીની તક આપ્યા પછી, પચાસ લાખ રૂપિયા સુધીના દંડની; અથવા રાજ્ય સરકાર, સંબંધિત યુનિવર્સિટી અધિનિયમો હેઠળ લે તેવા કોઈ શિક્ષાત્મક પગલાં અથવા તે બંન્નેની શિક્ષા કરી શકાશે.”.

## ઉદ્દેશો અને કારણો

રાજ્યમાં, એ.આઈ.સી.ટી.ઈ. (AICTE) દ્વારા વ્યાખ્યા કર્યા પ્રમાણે, વ્યાવસાયિક કોલેજો માટે પ્રવેશ તેમજ ફી નિર્ધારણ માટે સમાન માળખું પૂર પાડવાના હેતુથી, ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ અધિનિયમિત કરવામાં આવ્યો હતો. રાજ્યમાં વ્યાવસાયિક અભ્યાસક્રમોની માંગ અને પુરવઠાની સ્થિતિમાં પરિવર્તનને ધ્યાનમાં રાખીને, આ અધિનિયમમાં અમુક ફેરફારો કરવાની જરૂરિયાત ઉભી થઈ છે. આ સુધારા વિધેયકનું ધ્યેય આ (ફેરફારો) કરવાનું છે.

છેલ્લા ત્રણ વર્ષોમાં, ગુજરાત રાજ્યમાં, વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં મંજૂર કરેલી બેઠકોની સામે પ્રવેશવાંચ્છું વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી જણાઈ છે, તેથી વ્યાવસાયિક અભ્યાસક્રમો માટેની પ્રવેશ સમિતિ (ACPC)ની પ્રવેશ પ્રક્રિયા પૂરી થયા પછી, સ્વ-નિર્ભર સંસ્થાઓની ૫૦% કરતા વધારે બેઠકો ખાલી રહે છે. વધુમાં, વર્ષ ૨૦૧૯માં, આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેની અનામતના અમલીકરણથી ૨૫% વધુ બેઠકોનો વધારો થયો છે. રાજસ્થાન અને મહારાષ્ટ્ર જેવા રાજ્યો, તેમજ તમિલનાડુ, કર્ણાટક અને આંધ્ર પ્રદેશ જેવા દૂરના રાજ્યો લાંબા સમયથી અન્ય રાજ્યોના વિદ્યાર્થીઓને પ્રવેશ આપે છે. આનાથી તેમના રાજ્યોમાં વિદ્યાર્થીઓમાં સ્પર્ધા અને જ્ઞાનના પાસા મજબૂત બન્યા છે. તે જ રીતે, ગુજરાત રાજ્યમાં, હોંશિયાર વિદ્યાર્થીઓમાં સમગ્ર ભારત સ્તરીય સ્પર્ધાત્મકતા વધારવી અને વૈશ્વિક સ્પર્ધાત્મકતાનું વાતાવરણ પૂરુ પાડવું જરૂરી છે.

સદરહુ ઉદ્દેશ સિદ્ધ કરવા માટે, ગુણવત્તાને આધારે ગુજરાત અને ભારત બહારના વિદ્યાર્થીઓથી તેમની બેઠકો ભરવાનો પ્રારંભિક પ્રયાસ કરવા માટે, સ્વનિર્ભર સંસ્થાઓને, તેમની રીતે ભરવા માટે વધુ સંખ્યામાં બેઠકો ઉપલબ્ધ કરાવવી જરૂરી છે. વિધેયકની કલમ ૨-થી, તે અંગેની જોગવાઈ કરી છે. સરકારી બેઠકો અને સંચાલક મંડળની બેઠકો હેઠળ પ્રવેશ સંબંધી જોગવાઈઓ, વિધેયકની કલમ ૫ હેઠળ સૂચિત કરવામાં આવી છે.

વિવિધ જાણીતા સંગઠનો દ્વારા બહાર પાડવામાં આવેલા તાજેતરના શૈક્ષણિક માળખાના રેન્કિંગમાં, સંસ્થા સ્તરે, વૈવિધ્યીકરણ અને વૈશ્વિક વિદ્યાર્થીઓના પ્રવેશ માટે ભાર મૂકવામાં આવેલ છે. ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં, શૈક્ષણિક સંસ્કૃતિ અને સંશોધન પ્રવૃત્તિઓ માટેનું વૈશ્વિક વાતાવરણ તૈયાર કરવા, ભારત સરકારે 'સ્ટડી ઈન ઈન્ડિયા' કાર્યક્રમનો પણ આરંભ કર્યો છે. સન ૧૯૫૦થી, ભારતના પ્રથમ શિક્ષણ મંત્રીએ આઈ.સી.સી.આર (ICCR) કાર્યક્રમ રજૂ કર્યો હતો જેનાથી વિદેશી વિદ્યાર્થીઓનો ભારતમાં અભ્યાસ શક્ય બન્યો છે. હાલમાં, ગુજરાત

રાજ્યમાં, આ કાર્યક્રમ હેઠળ ૭૦૦ કરતાં વધારે વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યાં છે. આઈ.સી.સી.આર (ICCR) કાર્યક્રમને સુદૃઢ કરવા માટે, વિદેશી પાસપોર્ટ ધરાવતા હોય તેવા લાયકાત ધરાવનાર વિદ્યાર્થીઓને, ગુજરાતની શૈક્ષણિક સંસ્થાઓમાં, સરકારી બેઠકો અને સંચાલક મંડળની બેઠકો પર અભ્યાસ માટે સક્ષમ કરવા પણ જરૂરી જણાયું છે. વિધેયકની કલમો ૨ અને કલમ ૪થી, તે અંગેની જોગવાઈ કરી છે.

ગુણવત્તા સુધારણા માટે, વ્યાવસાયિક અભ્યાસક્રમો અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવા માટે, વ્યાવસાયિક અભ્યાસક્રમો માટેની પ્રવેશ પ્રક્રિયા માટે અને ટેકનિકલ સંસ્થાઓને લગતી જુદી જુદી પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે, શિક્ષણ વિભાગે, ગુજરાત તકનિકી શિક્ષણ અને સંશોધન મંડળ (GTERS)ની સ્થાપના કરી છે. તેથી, પ્રવેશ પ્રક્રિયાની સમગ્ર દેખરેખ જી.ટી.ઇ.આર.એસ. (GTERS) હેઠળ રાખવામાં આવશે. વિધેયકની કલમ ૩ થી, તે અંગેની જોગવાઇ કરી છે.

બિન-સહાયિત સંસ્થાઓ માટે વિદ્યમાન ફીમાં નજીવો વધારો કરવા માટે અથવા વિદ્યમાન ફી ઘટાડવા માટેની સમગ્ર વહીવટી પ્રક્રિયા અને સંલગ્ન પ્રવૃત્તિઓને દૂર કરવી, એકરાર કમ બાંયધરીની રજૂઆત કરીને તે (પ્રક્રિયા) કરવાની આવી સંસ્થાઓને મંજૂરી આપવી. વિધેયકની કલમ ૭થી, તે અંગેની જોગવાઇ કરી છે.

કોઇ વ્યક્તિ પાસેથી કોઇ ફરિયાદ મળ્યેથી, ખાનગી યુનિવર્સિટી સહિત કોઇપણ વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજ અથવા સંસ્થાની તપાસ કરીને દંડ નાંખવાની રાજ્ય સરકારને સત્તા આપવા અંગેની જરૂરી જોગવાઇ કરવા પણ ધાર્યું છે. વિધેયકની કલમો ૮ અને ૯થી, તે અંગેની જોગવાઇ કરી છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે, ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ સુધારવા ધાર્યું છે.

**ભૂપેન્દ્રસિંહ ચુડાસમા,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:-

***કલમ ૧.-*** આ કલમની પેટા-કલમ (૨)થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, જે તારીખે અધિનિયમ અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

***કલમ ૪.-*** (૧) આ કલમથી બદલવા ધારેલી નવી કલમ ૫-ની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને, પ્રવેશ સમિતિએ જેના આધારે વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં સરકારી બેઠકો માટેની ગુણવત્તા યાદી તૈયાર કરવી જોઇશે તેવા સામાન્ય પ્રવેશ કસોટી સિવાયના માપદંડ, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

(૨) આ કલમથી બદલવા ધારેલી નવી કલમ ૫-ની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, બિન-સહાયિત કોલેજ અથવા સંસ્થાએ જેના આધારે વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં સંચાલક મંડળની બેઠકો માટેની ગુણવત્તા યાદી તૈયાર કરવી જોઇશે તેવા સામાન્ય પ્રવેશ કસોટી સિવાયના માપદંડ, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

(૩) આ કલમથી, બદલવા ધારેલી નવી કલમ (૫)ની પેટા-કલમ (૩)થી, રાજ્ય સરકારને, વિદેશી વિદ્યાર્થીઓ અથવા યથાપ્રસંગ, બિનનિવાસી ભારતીય વિદ્યાર્થીઓ (NRI)ને, જે રીતે અને જે બોલીઓ અને શરતોને અધીન રહીને, કોઇપણ વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજ અથવા સંસ્થામાં પ્રવેશ આપવો જોઈશે તે રીત અને બોલીઓ અને શરતો નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

(૪) આ કલમથી બદલવા ધારેલા નવી કલમ (૫)ના પરંતુકથી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, જે વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની ગુણવત્તા યાદી તૈયાર કરવા માટે, સામાન્ય પ્રવેશ કસોટી યોજવી જરૂરી રહેશે નહિ તે અભ્યાસક્રમો નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

***કલમ ૫.*** - આ કલમથી દ્વારા બદલવા ધારેલા કલમ (૬)ની પેટા-કલમ (૧)ના બીજા પરંતુકથી, રાજ્ય સરકારને, જે રીતે કોઇ ખાલી રહેતી સરકારી બેઠક, સંચાલકમંડળની બેઠક તરીકે ભરવી જોઇશે તે રીત નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

***કલમ ૭.*** **-** આ કલમથી દાખલ કરવા ધારેલા કલમ ૧૦ની પેટા-કલમ (૨)ના ખંડ (ગ)ના પરંતુકથી, રાજ્ય સરકારને, સોગંદનામાના જે નમૂનામાં બિન-સહાયિત વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજ અથવા સંસ્થાએ સુધારેલા ફીના માળખા સંબંધિત "એકરાર કમ બાંયધરી" પૂરી પાડવી જોઈશે તે નમૂનો નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

ઉપર્યુકત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ: ૫મી ડિસેમ્બર, ૨૦૧૯. **ભૂપેન્દ્રસિંહ ચુડાસમા**.

## પુરવણી

## ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ (સન ૨૦૦૮ના ગુજરાતના ૨-જા)માંથી ઉતારા.

---

વ્યાખ્યા.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-

(ક) થી (છ) XXX XXX XXX

(જ) "સરકારી બેઠકો" એટલે,-

(૧) સરકારી કોલેજો અને સંસ્થાઓ અને સહાયિત કોલેજો અને સંસ્થાઓમાંની વ્યાવસાયિક અભ્યાસક્રમોની તમામ બેઠકો; અને

(૨) બિન-સહાયિત કોલેજો અથવા સંસ્થાઓમાંની વ્યાવસાયિક અભ્યાસક્રમોની મંજૂર થયેલી કુલ બેઠકો પૈકીમાંની પંચોતેર ટકા બેઠકો;

(3) "સરકારી કોલેજો અથવા સંસ્થાઓ અને સહાયિત અને બિન-સહાયિત કોલેજો અથવા સંસ્થાઓમાંની વ્યાવસાયિક અભ્યાસક્રમોની તમામ સંખ્યાધિક બેઠકો;";

(ઝ) "સંચાલક મંડળની બેઠકો" એટલે પંદર ટકા બિન-નિવાસી ભારતીયો માટેની બેઠકો સહિતની બિન-સહાયિત કોલેજો અથવા સંસ્થાઓમાંની મંજૂર થયેલી વ્યાવસાયિક અભ્યાસક્રમોની કુલ બેઠકો પૈકીની પચીસ ટકા બેઠકો;

(ટ) "બિનનિવાસી ભારતીયો માટેની બેઠકો" એટલે જેને વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થામાં પ્રવેશ આપવાનો હોય તેવા બિન-નિવાસી ભારતીયોના બાળકો અથવા પાલ્યો અથવા આશ્રિતો માટે અનામત રાખેલી પંદર ટકા બેઠકો;

(ઠ) થી (થ) XXX XXX XXX

પ્રવેશ સમિતિની રચના.

૪. (૧) અને (૨) XXX XXX XXX

(3) પ્રવેશ સમિતિ વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓમાં વિદ્યાર્થીઓના પ્રવેશની સમગ્ર પ્રક્રિયા પર માર્ગદર્શન આપશે, દેખરેખ અને નિયંત્રણ રાખશે.

**૫. (૧) વ્યાવસાયિક અભ્યાસક્રમમાં પ્રવેશના હેતુ માટે, દરેક પ્રવેશ સમિતિએ, ઠરાવવામાં આવે તેવા માપદંડો અને ગુણોત્તરના આધારે વિદ્યાર્થીઓની ગુણવત્તા યાદી તૈયાર કરવી જોઇશે.** પ્રવેશ માટે ગુણવત્તા યાદી તૈયાર કરવા બાબત.

**(૨) પેટા-કલમ (૧) હેઠળ પ્રવેશ માટે વિદ્યાર્થીઓની યાદી તૈયાર કરવાના હેતુ માટે, રાજ્ય સરકારે આ અર્થે અધિકૃત કરેલું સત્તામંડળ અથવા મંડળ ઠરાવવામાં આવે તેવી રીતે સામાન્ય પ્રવેશ કસોટીનું સંચાલન કરશે:**

પરંતુ ઠરાવવામાં આવે તેવા વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ગુણવત્તા યાદી તૈયાર કરવા માટે સામાન્ય પ્રવેશ કસોટી યોજવી જરૂરી રહેશે નહિ.

૬. વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓમાં **વિદ્યાર્થીઓને** પ્રવેશ નીચેની રીતે આપવામાં આવશે:- સરકારી બેઠકો અને સંચાલક મંડળની બેઠકોમાં પ્રવેશ બાબત.

(૧) તમામ સરકારી બેઠકો પ્રવેશ સમિતિએ તૈયાર કરેલી ગુણવત્તા યાદીના આધારે ભરવી જોઇશે; અને

(૨) સંબંધિત વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજ અથવા સંસ્થાના સંચાલક મંડળે ભરવાની સંચાલક મંડળની બેઠકો આવી બેઠકો, પર પ્રવેશ આપવાના વિદ્યાર્થીઓની આંતરિક ગુણવત્તા યાદીના આધારે ભરવી જોઇશે:

પરંતુ પ્રવેશ સમિતિએ તૈયાર કરેલી ગુણવત્તા યાદીમાં વિદ્યાર્થીનું નામ આવતું હોય તે સિવાય, સંચાલક મંડળની બેઠકની સામે કોઇ વિદ્યાર્થીને પ્રવેશ આપી શકાશે નહિ:

વધુમાં, કોઇ બિન-નિવાસી ભારતીય બેઠક ખાલી રહેતી હોય ત્યારે, આવી બેઠક સંચાલક મંડળની બેઠકોમાંથી ભરવી જોઇશે:

વળી, સંચાલક મંડળની બેઠક ખાલી રહેતી હોય ત્યારે, આવી બેઠક સરકારી બેઠકોમાંથી ભરવી જોઇશે.

“૭ક. (૧) વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં પ્રવેશને સંબંધિત હોય ત્યાં સુધી, આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, બીજા રાજ્યોના વિદ્યાર્થીઓને, બિન-સહાયિત કોલેજો અથવા સંસ્થાઓમાં, રાજ્ય સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને બીજા રાજ્યોના વિદ્યાર્થીઓના પ્રવેશને લગતી જોગવાઇઓ.

નિર્દિષ્ટ કરે તેવી રીતે અને તે વ્યાવસાયિક અભ્યાસક્રમોની તેટલી સંખ્યાની બેઠકો પર પ્રવેશ આપી શકાશે.

(૨) XXX XXX XXX

ફી નિયમન સમિતિની રચના.

**૧૦. (૧)** તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદામાં અથવા કોઇપણ કોર્ટના અથવા બીજા સત્તામંડળના કોઇ ચુકાદા, હુકમનામા અથવા હુકમ અથવા કોઇપણ કરારનામામાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, ફી નિયમન સમિતિ વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટે ફીનું માળખું નક્કી કરશે. જુદા જુદા વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં અને જુદીજુદી વ્યાવસાયિક કોલેજો અથવા સંસ્થાઓમાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટે અને બીજા રાજ્યોના માટે ફીનું જુદુંજુદું માળખું નક્કી કરી શકાશે.

(૨) ફી નિયમન સમિતિને,-

(ક) કોઇ બિનસહાયિત વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજ અથવા સંસ્થાને એવી કોલેજ અથવા સંસ્થા માટેનું સૂચિત ફીનું માળખું તમામ સંબંધિત દસ્તાવેજો અને હિસાબોના ચોપડા સહિત પોતાની સમક્ષ રજૂ કરવા ફરમાવવાની;

(ખ) એવી કોલેજ અથવા સંસ્થાએ સૂચવેલી ફીના માળખાની ખરાઇ કરવાની;

(ગ) વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ માટે એવી કોલેજ અથવા સંસ્થાના ફીના માળખાને મંજૂરી આપવાની અથવા એવી કોલેજ અથવા સંસ્થાએ ચાર્જ કરવાની ફીનું બીજું માળખું નક્કી કરવાની સત્તા રહેશે.

(૩) થી (૫) XXX XXX XXX

શિક્ષા.

**૧૪.** આ અધિનિયમની અથવા તે હેઠળ કરેલા નિયમોની કોઇ જોગવાઇઓનું ઉલ્લંઘન કરે તે કરતી કોઇ વ્યક્તિ, દોષિત ઠર્યે, વીસ લાખ રૂપિયા સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૩૬ ]

[શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા,
શિક્ષણ મંત્રીશ્રી]

ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ વધુ સુધારવા બાબત વિધેયક.

(સન ૨૦૧૯ના ડિસેમ્બર મહિનાની ૫-મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

# THE GUJARAT PROFESSIONAL TECHNICAL EDUCATIONAL COLLEGES OR INSTITUTIONS (REGULATION OF ADMISSION AND FIXATION OF FEES) (AMENDMENT) BILL, 2019.

**GUJARAT BILL NO. 36 OF 2019.**

***A BILL***

*further to amend the Gujarat Professional Technical Educational Colleges or Institutions (Regulation of Admission and Fixation of Fees) Act, 2007.*

It is hereby enacted in the Seventieth Year of the Republic of India as follows:-

**1.** (1) This Act may be called the Gujarat Professional Technical Educational Colleges or Institutions (Regulation of Admission and Fixation of Fees) (Amendment) Act, 2019. **Short title and commencement.**

(2) It shall come into force on such date as the State Government may, by notification in the *Official Gazette*, appoint.

**Amendment of section 2 of Guj. 2 of 2008.**

**2.** In the Gujarat Professional Technical Educational Colleges or Institutions (Regulation of Admission and Fixation of Fees) Act, 2007 (hereinafter referred to as "the principal Act"), in section 2,- **Guj. 2 of 2008.**

(i) after clause (d), the following clause shall be inserted, namely:-

"(dd) Foreign National (FN) Student" means the student other than Non-Resident Indian (NRI) who possesses a foreign passport and fulfils the equivalency of eligibility requirements ascertained by the competent authority as may be specified by the Ministry of Human Resource Development, Government of India, for admission;";

(ii) in clause (g), for sub-clause (ii), the following sub-clause shall be substituted, namely:-

"(ii) fifty per cent. (50%) seats of the professional courses of the total approved seats in the unaided colleges or institutions;";

(iii) after clause (g), the following clause shall be inserted, namely:-

"(gg) "GTERS or the Gujarat Technical Education and Research Society (GTERS)" means a society constituted by the Education Department, Government of Gujarat under the Government Resolution No. MIS/102013/104/S. dated the 31$^{st}$ December 2013;";

(iv) for clause (h), the following clause shall be substituted, namely:-

"(h) Management seats" means fifty per cent. (50%) seats of the professional courses of the total approved seats in the unaided colleges or institutions including fifteen per cent. (15%) of Non-Resident Indian seats; and also includes seats for Foreign National

Students; and students from any State (including Gujarat);";

(v) in clause (i), for the words "in the professional educational colleges or institutions", the words "on the management seats in the unaided educational colleges or institutions on the basis of fulfillment of equivalency of eligibility requirements for admission as ascertained by the competent authority as may be specified by the Ministry of Human Resource Development, Government of India." shall be substituted.

**3.** In the principal Act, in section 4, for sub-section (3), the following sub-section shall be substituted, namely:- **Amendment of section 4 of Guj. 2 of 2008.**

"(3) The Gujarat Technical Education and Research Society (GTERS) shall guide, supervise, promote and control the entire process of admission of students to the professional educational colleges or institutions.".

**4.** In the principal Act, for section 5, the following section shall be substituted, namely:- **Substitution of section 5 of Guj. 2 of 2008.**

**Preparation of merit list for admission.** "**5**. (1) For the purpose of admission on the Government seats in the professional courses, the Admission Committee shall prepare the merit list of students based on common entrance test or on such other criteria as may be prescribed.

(2) For the purpose of admission on the management seats in the professional courses, the unaided college or institution shall prepare the merit list of students based on common entrance test or on such other criteria as may be prescribed:

(3) The Foreign National Students or, as the case may be, NRI students shall be admitted in any professional educational college or institution in such manner and on such criteria as may be prescribed:

Provided that it shall not be necessary to conduct common entrance test for preparing merit list for admission to such professional courses as may be specified by the State Government by notification in the *Official Gaze*tte.".

**Amendment of section 6 of Guj. 2 of 2008.**

**5.** In the principal Act, in section 6, in sub-section (1), for the existing provisos, the following provisos shall be substituted, namely:-

"Provided that if any unaided college or institution requests to fill up all or any portion of the management seats by the Admission Committee, such management seats shall be considered as the Government seats:

Provided further that if any Government seat remains vacant, such seat shall be filled in as the management seat in the manner as may be prescribed:

Provided also that if any Non-Resident Indian seat remains vacant, such seat shall be filled in as the management seat.";

**Amendment of section 7A of Guj. 2 of 2008.**

**6.** In the principal Act, in section 7A, in sub-section (1), for the words "students from other States may be given admission in the unaided colleges or institutions", the words "students from other States and other countries may be given admission in any college or institution" shall be substituted.

**Amendment of section 10 of Guj. 2 of 2008.**

**7.** In the principal Act, in section 10,-

(i) in sub-section (1), the words and letters "and students who are Foreign Nationals and NRI" shall be added at the end;

(ii) in sub-section (2), to clause (c), the following proviso shall be inserted, namely:-

"Provided that the unaided professional educational college or institution may raise the fee up to five per cent. of existing fee for the fee block upto three years, or make any reduction in the existing fees without following the procedure as referred to in clauses (a) and (b) above. However, the unaided professional educational college or institution shall provide a "Declaration cum Undertaking" regarding the revised fee structure under this section in the form of affidavit as may be prescribed."

(iii) after sub-section (2), the following sub-section shall be inserted, namely:-

"(2A) Any unaided college or institution may charge differential fee for different courses/ branch subject to the maximum ceiling prescribed by Fee Regulatory Committee.".

**8.** In the principal Act, in section 13, after sub-section (2), the following sub-section shall be added, namely:- **Amendment of section 13 of Guj. 2 of 2008.**

**"**(3) On receipt of any complaint, the State Government may conduct an inquiry into the matter and take necessary action."**.**

**9.** In the principal Act, for section 14, the following section shall be substituted, namely:- **Substitution of section 14 of Guj. 2 of 2008.**

**Penalties.** **"14.** Whoever contravenes any of the provisions of this Act or the rules made thereunder shall, after giving opportunity of being heard, be punishable with fine which may extend to rupees fifty lakhs; or any penal action that may be taken by the State Government under the respective University Acts or both.".

**STATEMENT OF OBJECTS AND REASONS**

The Gujarat Professional Technical Educational Colleges or Institutions (Regulation of Admission and Fixation of Fees) Act, 2007 was enacted with a view to provide a common framework for admission as well as fee fixation for professional colleges, as defined by AICTE, in the State. In view of the change in the situation of demand and supply of professional courses in the State, a need has arisen to make certain changes in this Act. This amendment Bill aims to do this.

In the last three years, it appears that the aspirant students are lesser in number against the approved seats in the professional courses in Gujarat State therefore more than 50% of seats of self-financed institutions remain vacant after ACPC admission process is over. Moreover, in the year 2019 additional 25% seats have been increased to implement reservation of EWS. States like Rajasthan and Maharashtra as well as distant States like Tamil Nadu, Karnataka and Andhra Pradesh are allowing students from other States since long. This has strengthened the competition and knowledge aspect of the students in their States. Similarly, in the State of Gujarat, it is also required to increase the PAN India competitiveness among meritorious students and to provide environment of global competitiveness.

To achieve the said purpose, it is required to make available more number of seats to SFIs to fill their own so as to make early attempt to fill their seats on merit from students outside Gujarat and India. Clause 2 of the Bill provides for the same. The provisions regarding admission under the Government Seats and Management Seats is proposed under *clause 5 of the Bill.*

In recent academic framework ranking issued by various renowned organizations, it is emphasized to have diversification and global student intake at institute level. The Government of India has also launched Study in India program to create global environment for academic cultural and research activities in higher educational institutions. Since 1950 India's first Education Minister had introduced an ICCR program which enables foreign students to study in India. At present, in the State of Gujarat more than 700 students are studying under this program. To strengthen the ICCR program it is considered necessary to enable the qualified students who possess a foreign passport to study in educational institutions of Gujarat in Government Seats and Management Seats also. *Clauses 2 and 4* of the Bill provide for the same.

For the quality improvement, create awareness about professional courses among the students, admission process for professional courses

and to conduct various activities pertaining to technical institutions, Education department has set up Gujarat Technical Education and Research Society (GTERS). Therefore, the overall supervision of admission process is to be conducted under GTERS. C*lause 3* of the Bill provides for the same.

To eliminate the overall administrative process and allied activities for a nominal rise in existing fees or to reduce existing fee for unaided institutions, to allow such institutions to do the same by submission of Declaration cum Undertaking. *Clause 7* of the Bill provide for the same.

On receipt of any complaint from any person, the necessary provision to empower the State Government to conduct an inquiry and to impose penalty to any professional Educational college or institution including private university is also proposed. *Clauses 8 and 9* of the Bill provide for the same.

This Bill seeks to amend the Gujarat Professional Technical Educational Colleges or Institutions (Regulation of Admission and Fixation of Fees) Act, 2007 to achieve the aforesaid objects.

**BHUPENDRASINH CHUDASAMA,**

## MEMORANDUM REGARDING DELEGATED LEGISLATION

This Bill involves for delegation of legislative powers in the following respects:-

***Clause 1*.-** Sub-clause (2) of this clause empowers the State Government to appoint by notification in the *Official Gazette*, the date on which the Act shall come into force.

***Clause 4*.-** (i) Sub-section (1) of new section 5 proposed to be substituted by this clause empowers the State Government to prescribe by rules, the criteria other than the common entrance test on which the Admission Committee shall prepare the merit list for Government seats in the professional courses;

(ii) Sub-section (2) of new section 5 proposed to be substituted by this clause empowers the State Government to prescribe by rules, the

criteria other than the common entrance test on which the unaided college or institution shall prepare the merit list for Management seats in the professional courses;

(iii) Sub-section (3) of new section 5 proposed to be substituted by this clause empowers the State Government to prescribe by rules, the manner in which and the terms and conditions subject to which the Foreign National Students or, as the case may be, NRI students shall be admitted in any professional educational college or institution;

(iv) Proviso to new section 5 proposed to be substituted by this clause empowers the State Government to specify, by notification in the *Official Gazette*, the professional courses for which it shall not be necessary to conduct common entrance test for preparing merit list for admission.

***Clause 5***.- The second proviso to sub-section (1) of section 6 proposed to be substituted by this clause empowers the State Government to prescribe by rules, the manner in which the vacant Government seat shall be filled in as the Management seat.

***Clause 7***.- Proviso to clause (c) of sub-section (2) of section 10 proposed to be inserted by this clause empowers the State Government to prescribe by rules, the form of affidavit in which the "Declaration cum Undertaking" regarding the revised fee structure shall be provided unaided professional educational college or institution.

The delegation of legislative power, as aforesaid, is necessary and is of a normal character.

Dated the 5th December, 2019. **BHUPENDRASINH CHUDASAMA.**

## *ANNEXURE*

## EXTRACT FROM THE GUJARAT PROFESSIONAL TECHNICAL EDUCATIONAL COLLEGES OR INSTITUTIONS (REGULATION OF ADMISSION AND FIXATION OF FEES) ACT, 2007.

**(Guj. 2 of 2008)**

---

**2.** In this Act, unless the context otherwise requires,- **Definitions.**

(a) to (f) XXX XXX XXX

(g) "Government seats" means,-

(i) all the seats of the professional courses in the Government colleges or institutions and in the aided colleges or institutions; and

(ii) seventy-five per cent, seats of the professional courses of the total approved seats in the unaided colleges or institutions;

(iii) all supernumerary seats of the professional courses in the Government colleges or institutions and in the aided and unaided colleges or institutions;";

(h) “Management seats” means twenty-five per cent. seats of the professional courses of the total approved seats in the unaided colleges or institutions including fifteen per cent. Non-Resident Indian seats;

(i) "Non-Resident Indian seats" means fifteen per cent, seats reserved for children or wards or the dependents for the education purpose, of the Non-Resident Indian, to whom admission is to be given in the professional educational colleges or institutions;

(j) to (n) XXX XXX XXX

**Constitution of Admission Committee.**

**4.** (1) and (2) XXX XXX XXX

(3) The Admission Committee shall guide, supervise and control the entire process of admission of students to the professional educational colleges or institutions.

**Preparation of merit list for**

**5.** (1) For the purpose of admission in the professional courses, each Admission Committee shall prepare the merit list of students based on such criteria and in such ratio as may be prescribed.

(2) For the purpose of preparing the list of students for admission under sub-section (1), the authority or the body authorised by the State Government in this behalf, shall conduct the common entrance test in the manner as may be prescribed:

Provided that it shall not be necessary to conduct common entrance test for preparing merit list for the admission to such professional courses as may be prescribed.

**Admission to Government seats and management seats.**

**6.** (1) The admission of students in the professional educational colleges or institutions shall be given in the following manner, namely,:-

(i) all the Government seats shall be filled on the basis of merit list prepared by the Admission Committee; and

(ii) the management seats to be filled by the management of the respective professional educational college or institution shall be on the basis of inter-se merit list of the students to be admitted against the management seats :

Provided that no students shall be admitted against the management seat unless his name appears in the merit list prepared by the Admission Committee:

Provided further that where any Non-Resident Indian seat remains vacant, such seat shall be filled in from the management seats:

Provided also that where any management seat remain vacant, such seat shall be filled in from the Government seats.

(2) XXX XXX XXX

**7A.** (1) Notwithstanding anything contained in this Act so far as admission to professional courses is concerned, students from other States may be given admission in the unaided colleges or institutions in such manner and on such number of seats of processional courses, as may be specified by an order published in *Official Gazette*, by the State Government.

**Provisions relating to admission to students from other States.**

(2) XXX XXX XXX

**10.** (1) Notwithstanding anything contained in any other law for the time being in force or in any judgment, decree or order of any court or authority or in any agreement, the Fee Regulatory Committee shall determine the fee structure for admission of students in the professional courses. Different fee structure may be determined for admission of students in different professional courses and for different professional educational colleges or institutions and for students from other States.

**Powers of Fee Regulatory Committee.**

(2) The Fee Regulatory Committee shall have power to,-

(a) require any unaided professional educational college or institution to place before it the proposed fee structure for such college or institution alongwith all the relevant documents and the books of accounts;

(b) verify whether the fee structure proposed by such college or institution is justified;

(c) approve the fee structure for such college or institution or determine other fee structure which shall be charged by such college or institution for admission of students in the professional courses.

(3) to (5) XXX XXX XXX

**Penalties.** **14.** Whoever contravenes any of the provisions of this Act or the rules made thereunder shall, on conviction, be punishable with fine which may extend to rupees twenty lakhs.

GUJARAT LEGISLATURE SECRETARIAT

**GUJARAT BILL NO. 36 OF 2019.**

***A BILL***

*further to amend the Gujarat Professional Technical Educational Colleges or Institutions (Regulation of Admission and Fixation of Fees) Act, 2007.*

**[ SHRI BHUPENDRASINH CHUDASAMA,
MINISTER FOR EDUCATION ]**

(As published in the Gujarat Government Gazette of the 5th December, 2019)

D.M.PATEL,
Secretary,
Gujarat Legislative Assembly.